જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૨૩   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૪૫ લીટર દેશી દારૂ, ૫૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૯ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૬૭ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નજર ચુકવી ચોરીઃ-   સમાચાર યાદી નં.૭૭૫/૨૦૨૩

**નવરંગપુરાઃ** માણેકચોક સાંકડી શેરી ખાતે આવેલ “એર પાર્સલ સર્વિસ પ્રા.લી.” માં કુરીયર બોય તરીકે નોકરી કરતા મનિષકુમાર રાજેન્દ્રકુમાર સૈની (ઉ.વ.૨૧)(રહે.વોક્ટોરીયા પોઇન્ટ એસ.આર.પી કેમ્પ પાછળ કૃષ્ણનગર નરોડા) એ તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૫/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે મેમનગર વ્રજ જ્વેલર્સ ખાતે થી એક પાર્સલ લઇ માણેકચોક ખાતે આપવા સારૂ નવરંગપુરા નળવાળા સર્કલ પહેલા ૩૬૫ હોટલ આગળ રોડ ઉપર એક્સેસ સ્કુટર લઇને પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનિષકુમારનું સ્કુટર ઉભુ રખાવી, ક્રાઈમ બ્રાંચની પોલીસ તરીકે પોતાની ઓળખ આપી, વાહન ચેકીંગના બહાને મનિષકુમાર પાસેનું બેગ માંગી, મનિષકુમારની નજર ચુકવી બેગમાંથી વિલંડી (ઘાટ ઘડ્યા વગરનું સોનુ) નંગ-૨૮૯ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને સોનાની વિંટી કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૬/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** રાજીવકુમાર રામચંદ્ર રામ (ઉ.વ.૨૩)(રહે.બંગ્લા નંબર-૬૯ ના કમ્પાઉન્ડમાં આવેલ રૂમમાં, રેલ્વે ઓફિસર્સ કોલોની ઓરીએન્ટ ક્લબ પાસે, એલીસબ્રીજ)(મુળ વતનઃ ગામ-લલિતપુર તા-ભગવાનપુર જી-પટના બિહાર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૩ ના કલાક ૬/૦૦ વાગ્યા પહેલા બંગ્લા નંબર-૬૯ ના કમ્પાઉન્ડમાં આવેલ રૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દલસુખભાઇ ઓધડભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મેઘાણીનગર ગુ.હા.બોર્ડ ખાતે પોતાના ભાઇના મકાનમાં રહેતા અશોકકુમાર રણછોડભાઇ મકવાણા (ઉ.વ.૩૮)(મુળ વતન ગામઃ ગુદરાસણ, તા.વિજાપુર, જી મહેસાણા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ભાઇના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ચંન્દ્રકાન્ત નાનજીભાઈ વાઘેલા (રહે.રણજીત સોંલકીની ચાલી, સુખરામનગર ચાર રસ્તા પાસે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઉપરના માળે પતરાની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહમદનઇમ નબીમીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી